# નિધિના હત્યારા પોલીસને ક્યારે મળશે?



**માંડવીના** લોકો અને સમસ્ત કોળી સમાજની નિધિને જલદીમાં જલદી ન્યાયની માંગ

### આ લોકોએ સાંત્વના આપી રજૂઆત કરી

- **૯ ઓગસ્ટ ૨૦૨૬ (શનિવાર):** ઉમેશ પટેલ (દમણ અને દીવના સાંસદ) સાંત્વના પાઠવી
- **જયેશ પટેલ (પ્રમુખ, માંડવી તાલુકા કોળી સમાજ):** SPને ઝડપી તપાસ માટે રજૂઆત
- **૩૦ ઓગસ્ટ ૨૦૨૬ (રવિવાર):** ભરતસિંહ સોલંકી (પૂર્વ કેન્દ્રીય મંત્રી) પીડિત પરિવારને મળી શ્રદ્ધાંજલિ આપી
- **૩૧ ઓગસ્ટ ૨૦૨૬ (સોમવાર):** સમસ્ત કોળી સમાજ અને સ્થાનિક સામાજિક સંગઠનોનું આવેદનપત્ર
- **૬ સપ્ટેમ્બર (રવિવાર) :** શ્રી પટેલ પ્રગતિમંડળ અને કલ્યાણી મહિલા પાંખનું આવેદનપત્ર

### અત્યાર સુધીનો ઘટનાક્રમ

- **૨૧ ઓગસ્ટ (શુક્રવાર):** નિધિ પટેલનાં માતા-પિતા ધાર્મિક યાત્રા પર હતાં
- **૨૩ ઓગસ્ટ (રવિવાર - રાત્રે ૯:૩૦થી ૧૦:૦૦):** માતા-પિતા સાથે છેલ્લી વાત
- **૨૪ ઓગસ્ટ (સોમવાર - મળસકે ૩:૦૦ વાગે):** માતા-પિતા યાત્રાએથી ઘરે પરત ફર્યાં
- **૨૪ ઓગસ્ટ (સોમવાર) :** ઘરમાંથી નિધિની હત્યા કરેલી લાશ મળી, લૂંટની ઘટના
- **૨૫ ઓગસ્ટ (મંગળવાર):** પોલીસે લૂંટ વિથ મર્ડરનો ગુનો નોંધી પ્રાથમિક તપાસ શરૂ કરી.
- **૨૮ ઓગસ્ટ (શુક્રવાર):** સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરવામાં આવી.
- **૩૦ ઓગસ્ટ (રવિવાર):** સ્થાનિક કોળી સમાજ દ્વારા વિરોધ પ્રદર્શનનું આયોજન જો કે સમજાવટથી મોકુફ
- **૩૧ ઓગસ્ટ (સોમવાર):** ૨૦૦થી વધુ શકમંદો તથા સ્થાનિકોના ફિંગરપ્રિન્ટ્સ લેવામાં આવ્યા
- **૧ થી ૨ સપ્ટેમ્બર (મંગળવાર - બુધવાર):** CDR), સોશિયલ મીડિયા એકાઉન્ટ્સની તપાસ

સુરત : કેનેડા જવાની તૈયારી કરી રહેલી વિદ્યાર્થિની નિધિ પટેલનો હત્યા કરાયેલો મૃતદેહ તેના જ ઘરમાંથી મળી આવ્યો હતો. આ ઘટનાએ માત્ર માંડવી તાલુકો નહીં પરંતુ સમગ્ર સુરત જિલ્લાને હચમચાવીને મૂકી દીધો છે. આ ઘટનાને પંદર દિવસ થવા આવ્યા હોવા છતાં હજી પોલીસને ગુનાની કડી નહીં મળતા માંડવીની પ્રજા અને કોળી સમાજ દીકરીને જલદીમાં જલદી ન્યાય મળે તે માટે પોલીસને રજૂઆત કરી રહ્યાં છે. પોલીસે આ મામલે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ પણ બનાવી છે છતાં આજે સોમવાર 7 સપ્ટેમ્બર સુધી તો પોલીસના હાથ હજી ખાલી જ છે.

# માંડવીના દેવગઢ બસ સ્ટેશન પાસે ટ્રક-બાઈક વચ્ચે અકસ્માત

**ત્રણ** વ્યક્તિને ફ્રેક્ચર સહિત ગંભીર ઈજા



હિતેશ પટેલ

માંડવીઃ માંડવીના દેવગઢ ગામના બસ સ્ટેન્ડ નજીક એક ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. લાડકૂવા ગામેથી મજૂરીકામ પૂરું કરી હોન્ડા શાઇન મોટરસાઇકલ નં.(GJ-19-AL-0378) પર પરત ફરી રહેલા ઉમરપાડા તાલુકાના ચોખવાડા ગામના ત્રણ મજૂરને ઝંખવાવ તરફથી પૂરઝડપે આવી રહેલા ટાટા હાઇવા ટ્રક નં.(GJ-16-AW-4439) એ જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઇક ચાલક રાજુભાઈ સિંગાજીભાઈ વસાવા (ઉં.વ.૫૦) તેમજ તેમની સાથે સવાર નિલેશભાઈ ચૌધરી અને રાહુલભાઈ ચૌધરીને શરીરે તેમજ પગના ભાગે ગંભીર ફ્રેક્ચર જેવી ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ સ્થાનિકોની મદદથી 108 એમ્બ્યુલન્સ મારફતે ઇજાગ્રસ્તોને તાત્કાલિક માંડવી સરકારી હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે રાજુભાઈને બારડોલી અને અન્ય બે ઇજાગ્રસ્તને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કરાયા છે. ઈજાગ્રસ્તના પુત્રની ફરિયાદના આધારે માંડવી પોલીસે અજાણ્યા ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીમાં બાલકૃષ્ણ ગૌશાળાનો સેવાયજ્ઞ



હિતેશ પટેલ

માંડવી: માંડવી તાલુકામાં ગૌસેવાની સાથે જનસેવાની અનોખી સુવાસ ફેલાવતી પ્રશંસનીય પહેલ સામે આવી છે. વરેઠપેટીયા દૂધ મંડળી નજીક, રામેશ્વર મંદિર રોડ પર બાલકૃષ્ણ ગૌશાળા દ્વારા પવિત્ર યાત્રાધામ શ્રી રામેશ્વર મહાદેવના દર્શનાર્થે નીકળેલા શ્રદ્ધાળુઓ માટે 'શ્રી રામેશ્વર મહાદેવ ભક્ત સેવા ભંડારા'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પગપાળા દર્શનાર્થે જઈ રહેલા સેંકડો પદયાત્રીઓને લાંબી મુસાફરી દરમિયાન રાહત અને પોષણ મળી રહે તેવા ઉમદા હેતુથી આ અન્નક્ષેત્ર અને સેવાયજ્ઞ શરૂ કરાયો હતો.

### બારડોલીમાં માહ્યાવંશી સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો



બારડોલી: બારડોલી તાલુકા માહ્યાવંશી સમાજ પ્રગતિ મંડળ દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ-2026નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ બાબેન સ્થિત સ્વ.રમણભાઈ સુખાભાઈ પરમાર સાંસ્કૃતિક ભવન ખાતે સંસ્થાના પ્રમુખ અને બારડોલી વિધાનસભાના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ સમારોહમાં બારડોલી તાલુકામાં વસતા માહ્યાવંશી સમાજના ધોરણ-૧૦, ૧૨, સ્નાતકથી લઈને Ph.D. સુધીની ઉચ્ચ પદવી પ્રાપ્ત કરનાર તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બારડોલી નગરપાલિકાના પ્રમુખ નીલમબેન વ્યાસ, બારડોલી નગરપાલિકા ન્યાય સમિતિના અધ્યક્ષ શૈલેષભાઈ રાઠોડ, તાલુકા પંચાયત ન્યાય સમિતિના અધ્યક્ષ અંજનાબેન રાઠોડ, મયુર પરમાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહનું એક મુખ્ય આકર્ષણ તેન ગામની દસ વર્ષીય બાળકી શેરિન પરમારનું વિશેષ સન્માન હતું. શેરિને તાજેતરમાં જ ગુજરાતી બાળ ફિલ્મ 'હીપહીપ હુરરે'માં મુખ્ય અભિનેત્રી તરીકે કામ કર્યું છે, તેમજ તે અનેક ગરબા સ્પર્ધાઓમાં પણ વિજેતા રહી ચૂકી છે, જે સમાજ માટે ગૌરવની બાબત છે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે અપાયેલ ટ્રોફીના દાતા તરીકે વરાડના રામુભાઈ સુરતી અને પલસોદના પરભુભાઈ પરમારનો સંસ્થા દ્વારા વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન સંસ્થાના મહામંત્રી કિશોરભાઈ પરમાર અને શિક્ષણ સમિતિના સભ્ય અલ્પેશભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતમાં સહમંત્રી રજનીકાંત પરમારે ઉપસ્થિત સૌનો આભાર માન્યો હતો.

### બારડોલી અનાવિલ સેવા સમાજ દ્વારા બેટમિંટન ટુર્નામેન્ટ યોજાઈ



બારડોલી: બારડોલી અનાવિલ સેવા સમાજ દ્વારા સ્વ. વિનોદરાય મગનલાલ દેસાઈ સ્મૃતિ અંતર્ગત સમાજમાં રમતગમતના ઉત્સાહને વધારવા ભવ્ય બેડમિન્ટન ટુર્નામેન્ટનું બારડોલી પ્રમુખ સ્વામી ઇનટેડિયમ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં મેન્સ સિંગલ્સ, મેન્સ ડબલ્સ, વુમન્સ સિંગલ્સ, વુમન્સ ડબલ્સ, મિક્સ ડબલ્સ જેવી અલગ અલગ કેટેગરીમાં વિજતાઓને પહેલું, બીજું અને ત્રીજુ ઇનામ આપવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં બારડોલી અનાવિલ સેવા સમાજના પ્રમુખ કેતનભાઈ વી. દેસાઈ, કોકિલાબેન કે. દેસાઈ, ડો.મહાદેવભાઈ દેસાઈ, ડો.રાજેન્દ્રભાઈ દેસાઈ, સંદીપભાઈ નાયક, ધર્મેશભાઈ દેસાઈ, મનીષભાઈ દેસાઈ, તારકભાઈ દેસાઈ, ગૌરાંગભાઈ દેસાઈ, તેજસ વશી, દિનેશભાઈ દેસાઈ, દેવાંગ ભાઈ દેસાઈ, નેહલભાઈ દેસાઈ તથા અનાવિલો ઉપસ્થિત રહ્યા હતા.

### માંડવી ખાતે સાંઈદીપ મંદિરના ૨૭મા પાટોત્સવની ભવ્ય ઉજવણી



હિતેશ પટેલ

માંડવી: માંડવી જૂની પોલીસ લાઈન સ્થિત જાણીતા સાંઈદીપ મંદિર ખાતે ૨૬મો પાટોત્સવ અત્યંત ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો. યાત્રા દરમિયાન ૐ સાંઈ રામના જયઘોષથી વાતાવરણ ભક્તિમય બની ગયું હતું, જ્યારે ધર્મપ્રેમી ભાઈ-બહેનો ગરબા અને ભજનોના તાલે ઉત્સાહભેર ઝૂમી ઊઠ્યા હતા. યાત્રા બાદ ભક્તો માટે મહાપ્રસાદ (ભંડારા)નું સુંદર આયોજન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન દીપકભાઈ વરસાડે તેમજ નગરના સેવાભાવી દાતાઓના સંયુક્ત સહયોગથી કરવામાં આવ્યું હતું.

# બારડોલી સુગરમાં ૧૨મી સપ્ટેમ્બરે પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી યોજાશે

**રાજકીય** દબાણો અને મેન્ડેટ પ્રથા સામે ડિરેક્ટરો મક્કમ

બારડોલીઃ એશિયાની સૌથી મોટી સહકારી સંસ્થા બારડોલી સુગર ફેક્ટરીમાં છેલ્લા કેટલાક દિવસોથી પ્રમુખ અને ઉપપ્રમુખની વરણીમાં ચાલી રહેલા વિલંબનો આખરે અંત આવ્યો છે. કિસાન પરિવર્તન પેનલ દ્વારા વહીવટી તંત્રને કરવામાં આવેલી ઉગ્ર રજૂઆતો અને ઉપવાસ આંદોલનની ચીમકીના પગલે તંત્ર સફાળું જાગ્યું છે. પરિણામે, આગામી ૧૨મી સપ્ટેમ્બરના રોજ પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટેની ચૂંટણી યોજવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.

હાલમાં સહકારી મંડળીઓમાં રાજકીય સંગઠન દ્વારા મેન્ડેટ આપીને પ્રમુખ અને ઉપપ્રમુખ બનાવવાની કવાયત જોરશોરથી ચાલી રહી છે. ભાજપ સંગઠન દ્વારા મેન્ડેટ પ્રથા લાગુ કરવાના પ્રયાસો વચ્ચે બારડોલી સુગર ફેક્ટરીની વિજેતા કિસાન પરિવર્તન પેનલના ઉમેદવારોએ ભારે રાજકીય દબાણો છતાં ઝૂકવાનો ઈનકાર કર્યો હતો. ચૂંટાયેલા ડિરેક્ટરો મેન્ડેટ સ્વીકારવાથી સંપૂર્ણપણે દૂર રહ્યા હતા અને ખેડૂત સભાસદોને ચૂંટણી સમયે આપેલું વચન પાળી બતાવ્યું છે. હવે આગામી ૧૨મી તારીખે મળનારી પ્રથમ બોર્ડ બેઠકમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વિધિવત વરણી કરવામાં આવશે. કિસાન પરિવર્તન પેનલના આ મક્કમ નિર્ણયને ખેડૂત સભાસદોએ હર્ષોલ્લાસથી વધાવી લીધો છે. સુગર ફેક્ટરીઓની સ્થિતિ જોઈએ તો સાયણ અને કામરેજ સુગર મિલના ડિરેક્ટરો તાજેતરમાં કમલમ ખાતે મળવા ગયા હતા, જેમાં સાયણ સુગરમાં સંગઠનના મેન્ડેટ મુજબ જ વરણી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ પરિસ્થિતિની સરખામણીમાં બારડોલીના ડિરેક્ટરોએ દાખવેલી ખુમારી અને ખેડૂતો પ્રત્યેની વફાદારીની સમગ્ર દક્ષિણ ગુજરાતના સહકારી ક્ષેત્રમાં ભારે વાહવાહી થઈ રહી છે. કોઈપણ પ્રકારના રાજકીય દબાણ કે મેન્ડેટ સામે ન ઝૂકવા બદલ અને સભાસદોના હિતમાં અડીખમ ઊભા રહેવા બદલ ખેડૂતો દ્વારા કિસાન પરિવર્તન પેનલના ડિરેક્ટરોને વિશેષ અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ દબાણમાં આવ્યા વગર સભાસદોના હિતમાં મક્કમ રહે તો સંસ્થાઓમાં કોઈ રાજકીય પક્ષના મેન્ડેટની જરૂર જણાતી નથી.

# બાબેન હત્યા કેસમાં ૫ વર્ષે આરોપીને ૭ વર્ષની કેદ અને દંડ

**સામાન્ય** બોલાચાલીમાં ચપ્પુ મારી શિવાની હત્યા કરાઈ હતી

બારડોલીઃ બાબેન ગામે વર્ષ-૨૦૨૧માં નજીવી બાબતે થયેલી હત્યાના કેસમાં બારડોલી એડિશનલ સેશન્સ કોર્ટે મહત્ત્વનો ચુકાદો સંભળાવ્યો છે. કોર્ટે બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપીને દોષિત જાહેર કરી ૭ વર્ષની જેલની સજા અને રૂ.૫,૦૦૦નો દંડ ફટકાર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા.૧૨ નવેમ્બર-૨૦૨૧ના રોજ બાબેન ગામની રાજીવનગર વસાહતમાં આ રક્તરંજિત ઘટના બની હતી. અહીં રહેતા શિવા ખડુ સાલવે નામના યુવકને પલસાણાના પાદર ફળિયાના રહીશ વિક્કી રમેશ ગામીત સાથે કોઈ સામાન્ય બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઝઘડાએ એટલું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું કે ઉશ્કેરાટમાં આવી જઈને વિક્કીએ પોતાની પાસે રહેલા ચપ્પુથી શિવા સાલવે પર ઉપરાછાપરી જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. ગંભીર ઈજાઓને કારણે શિવાનું મોત નીપજ્યું હતું. આ ગંભીર ગુના બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપી વિક્કીની ધરપકડ કરી હતી અને તેની વિરુદ્ધ ઈન્ડિયન પીનલ કોડની કલમ-૩૦૨ મુજબ ગુનો દાખલ કર્યો હતો. આ કેસ બારડોલી સેશન્સ કોર્ટમાં ચાલી જતાં વિવિધ તબક્કે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. અંતે બારડોલીના એડિશનલ સેશન્સ જજ પી.કે.રામની કોર્ટે તમામ સાક્ષીઓ અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં રાખીને આરોપી વિક્કી ગામીતને કસૂરવાર ઠેરવ્યો હતો અને તેને ગુનાની ગંભીરતા જોઈને સજાનો આ હુકમ કર્યો છે.

# સિયોદ ગામે નારિયેળી પરથી પટકાતાં યુવાનનું મોત

પલસાણાઃ પલસાણાના ગણેશ સિસોદરા ગામના વેરાઈ ફળિયામાં રહેતો અને મજૂરીકામ કરી ગુજરાન ચલાવતો ૨૪ વર્ષીય પીયૂષકુમાર સોમાભાઈ હળપતિ ગત તા.૬/૯/૨૦૨૬ના રોજ સિયોદ ગામના પારસી ફળિયામાં ગયો હતો. સવારે ૧૧ વાગ્યાના અરસામાં પીયૂષ નારિયેળીના ઝાડ પર ચઢ્યો હતો, તે દરમિયાન અચાનક કોઈ કારણસર તે ઝાડ પરથી સીધો જમીન પર પટકાયો હતો. ઊંચાઈ પરથી નીચે પટકાવાને કારણે યુવાનને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટના બાદ તેને તાત્કાલિક સારવાર અર્થે પલસાણા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યો હતો. જોકે, ત્યાં હાજર ફરજ પરના તબીબે યુવાનને તપાસીને મૃત જાહેર કર્યો હતો. યુવાનના મોતના સમાચાર સાંભળીને પરિવારજનો ઘેરા આઘાતમાં સરી પડ્યા હતા.

## મોરંબા ચાર રસ્તા પાસે શંકાસ્પદ કેબલ સાથે બે ઈસમ ઝડપાયા

કુકરમુંડાઃ કુકરમુંડા પોલીસે મોરંબા ચાર રસ્તા નજીક વાહન ચેકિંગ દરમિયાન શંકાસ્પદ ઇલેક્ટ્રિક વાયર સાથે બે ઈસમને ઝડપી પાડ્યા હતા. પોલીસે હીરો હોન્ડા પેશન મોટરસાઇકલ નં.(GJ-05-BL-2441) પર સવાર સરફરાજ ફજલેહકખાન પઠાણ (ઉં.વ.૨૫) અને સુફીયાન અબ્દુલરજાક મકરાણી (ઉં.વ.૨૨) (બંને રહે.,સંજયનગર, અક્કલકૂવા) પાસેના થેલામાંથી આશરે ૪૮ કિલો કાળા રંગનો ઇલેક્ટ્રિક વાયર મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન બંને કોઈ આધારભૂત દસ્તાવેજ કે બિલ રજૂ કરી શક્યા નહોતા. પોલીસે વાયર (કિંમત રૂ.૪,૮૦૦) અને મોટરસાઇકલ (કિંમત રૂ.૧૦,૦૦૦) મળી કુલ મુદ્દામાલ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# હથોડાની સન પાવર કેમિકલ્સ કંપનીમાંથી લોખંડનો સામાન ચોરાયો

**પાછળના** ભાગેથી ફેક્ટરીમાં ઘૂસેલા ચોરોએ કસબ અજમાવ્યો



હથોડાઃ હથોડા ગામની ભાગોળે આવેલી સત્યમ ઈન્ડસ્ટ્રિઝમાં કાર્યરત સન પાવર કેમિકલ્સ નામની ફેક્ટરીને તસ્કરોએ નિશાન બનાવી છે. ફેક્ટરીમાંથી અંદાજે રૂ.1.75 લાખની મશીનરી તેમજ સાધનોની ચોરી થઈ હોવાની સત્તાવાર ફરિયાદ પાલોદ પોલીસ મથકે નોંધાઈ છે.

સુરત શહેરના પુણા-સીમાડા વિસ્તારમાં રહેતા અને સન પાવર કેમિકલ્સ ફેક્ટરીના માલિક જયેશભાઈ રમેશભાઈ વાસાણીએ પાલોદ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા અનુસાર તસ્કરોએ રાત્રિના અંધારાનો લાભ ઉઠાવી ફેક્ટરીના પાછળના ભાગેથી ગેરકાયદે રીતે અંદર પ્રવેશ કર્યો હતો.

ચોરો ફેક્ટરી પરિસરમાંથી HP કંપનીની 3 નંગ મોટર તથા વિપુલ કંપનીના 70 નંગ લોખંડના ફ્લેન્જ સહિત અન્ય કીમતી લોખંડની મશીનરી અને સર-સામાનની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સવારે બનાવની જાણ થતાં જ ફેક્ટરી માલિકે પોલીસનો સંપર્ક સાધ્યો હતો. ઔદ્યોગિક વિસ્તારમાં થયેલી આ ચોરીના બનાવને પગલે સ્થાનિક કારખાનેદારોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. બનાવ અંગે પાલોદ પોલીસ મથકના પીએસઆઈ એસ.ડી.ગોવાળિયાએ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. પોલીસે આસપાસનાં સીસીટીવી ફૂટેજ ચકાસીને ચોરીના આ બનાવમાં સંડોવાયેલા અજ્ઞાત તસ્કરો સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યાં છે.

# અંકલેશ્વર રેલવે સ્ટેશન બહાર દારૂ સાથે એક ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસે બાતમીના આધારે અંકલેશ્વર રેલવે સ્ટેશન બહાર ફૂટપાથ પરથી વિદેશી દારૂનો જથ્થો લઈ જતા એક ઈસમને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી કુલ ૮૬ બોટલ, કિંમત રૂ.૧૩,૭૬૦નો વિદેશી દારૂ કબજે કર્યો હતો. અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ મથકના સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ત્યારે બાતમી મળી હતી કે, એક ઈસમ થ્રી-વ્હીલર સાઈકલ મારફતે ભારતીય બનાવટના વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યો છે. બાતમીના અંકલેશ્વર રેલવે સ્ટેશન બહાર ફૂટપાથ પર વોચ ગોઠવી હતી. દરમિયાન એક ઈસમ સાઈકલના આગળના ભાગે કાળા રંગની બેગમાં સામાન ભરીને આવતો નજરે પડતાં પોલીસે તેને અટકાવી તપાસ કરી હતી. પોલીસે પકડાયેલા ઈસમનું નામ સાકીબ અહેમદ ઉર્ફે ગરગડી શમશેર અહમદ સલમાની (ઉં.વ.૩૨) હોવાનું જાણવા મળ્યું હતું. તેની પાસેથી ૮૬ બોટલ વિદેશી દારૂની કિં.રૂ.૧૩,૭૬૦નો મુદ્દામાલ કબજે કરી પોલીસે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વ્યારાના પાનવાડીમાં 4 જુગારી પકડાયા, 1 વોન્ટેડ

**પોલીસે** રૂ.16,400નો મુદ્દામાલ કબજે કર્યો

વ્યારા: વ્યારાના પાનવાડી પાસે આઈરીસ પ્લાઝા પાસે જાહેરમાં જુગાર રમતા ચાર જુગારીને પોલીસે ઝડપી પાડ્યા હતા. જ્યારે એક જુગારી પોલીસને ચકમો આપી ભાગી છૂટ્યો હતો. મળતી માહિતી મુજબ LCB ટીમે બાતમીના આધારે વ્યારાના પાનવાડી સ્થિત આઈરીસ પ્લાઝા પાસે ગામીત ફળિયામાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં હારજીતનો જુગાર રમતા ચાર જુગારી નિલેશ કાંતુ ગામીત (ઉં.વ.48) (રહે.,પાનવાડી, તા.વ્યારા), દિનેશ ગોકુળ ગામીત (ઉં.વ.46) (રહે.,ગામીત ફળિયું, પાનવાડી, તા.વ્યારા), સૂરજ અશોક મિશ્રા (ઉં.વ.25) (હાલ રહે.,259-શિવશક્તિ પાર્ક, મુસા રોડ, વ્યારા, મૂળ રહે.,શંકર ફળિયું, વ્યારા) અને કિરણ દિલીપ ગામીત (ઉં.વ.26) (રહે.,પાનવાડી, ગામીત ફળિયું) ને દબોચી લઈ કુલ રૂ.16,400 કબજે લઈ અન્ય ફરાર આરોપી સુભાષ ઉકડિયા વસાવા (રહે.,મુસા)ને વોન્ટેડ જાહેર કરી પકડાયેલા આરોપીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી.


**ધી ઉધના ઉદ્યોગનગર સહકારી સંઘ લી., ઉધના.**

**૭૦મી વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

સંઘની ૭૦મી વાર્ષિક સાધારણ સભા શનિવાર તા.૧૯/૦૯/૨૦૨૬ નાં રોજ સાંજે ૪=૦૦ કલાકે 'આરોગ્ય ભવન' બીજા માળે, બેંક ઓફ બરોડાની બાજુમાં, સેન્ટ્રલ રોડ નં.-૯ ઉધોગનગર, ઉધના ખાતે મળશે જેમાં સભ્યોને મોકલી આપવામાં આવેલ વાર્ષિક અહેવાલમાંની નોટીસમાં જણાવેલ કામો હાથ ધરવામાં આવશે તે સમયે મતાધિકાર ધારણ કરનાર તમામ સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

સેન્ટ્રલ રોડ નં.-૧૦, ઉધોગનગર, ઉધના.
તા.૩૦/૦૭/૨૦૨૬

વિમલ બી. સાકરીયા
ચેરમેન
ધી ઉ. ઉ. સ. સંઘ લી. ઉધના

**NOTICE**

**THE GUJERAT SAFE DEPOSIT COMPANY LIMITED**
**CIN : U63022GJ1936PLC000125**

NOTICE is hereby given that the 91st **Annual General Meeting** of the company will be held on **Saturday**, the **26th September, 2026** at **04:00 p.m.** at Juni Vithal Wadi, Nanavat, Surat-395003, Gujarat.
Pursuant to the applicable provisions of the Companies Act, 2013 and the rules made thereunder, the Register of Members and Share Transfer Books of the Company shall remain closed from **Tuesday, 15th September, 2026 to Saturday, 26th September, 2026 (both days inclusive)**.
The Company has obtained Demat connectivity facilities from both Depositories i.e. NSDL and CDSL. Members holding shares in physical form are requested to dematerialise their Equity Shares by contacting their Depository Participant (DP). Shareholders who wish to **register a nominee are requested to contact the Company's RTA and complete the requisite formalities by filing form SH-13.**

Reg. Off : Safe Deposit Chamber, Bhagatalao, Surat -395003, Gujarat

On behalf of the Board
Sd/-
**Kamleshbhai M Patel**
**(Chairman)**

**KALAMANDIR**

આજનો સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ

22 KT 1,40,450/-

18 KT 1,14,870/- | 14 KT 89,290/-

+91 95109 70230

વડોદરા | મુંબઈ | અમદાવાદ | સુરત | વાપી | ભરૂચ | કોસંબા

**BHULKA VIHAR SCHOOL**
624, Bhatha, Hazira Road, Surat. Ph. : 2840455, 2971900, 89800 08283

**પ્રવેશ અંગે - ADMISSION NOTICE**

**નર્સરી (ગ્લોબલ ગુજરાતી માધ્યમ)**

**OFFLINE**

નર્સરીના અરજીપત્રો તા.૧૦-૦૯-૨૦૨૬ને ગુરુવાર અને તા.૧૧-૦૯-૨૦૨૬ને શુક્રવારના રોજ સવારે ૮:૦૦ થી ૧૦:૦૦ કલાક દરમિયાન મળશે.

**ઉંમર : બાળકનો જન્મ તા.૦૨-૦૬-૨૦૨૩ થી તા.૦૧-૦૬-૨૦૨૪ વચ્ચે હોવો જરૂરી. (બાળક તા.૦૨-૦૬-૨૦૨૭ ના રોજ ૩ વર્ષથી ૪ વર્ષનું હોવું જોઇએ.)**

બાળકના જન્મનો અસલ દાખલો અવશ્ય સાથે લાવવો. (ઍફિડેવિટ કે ફોટો કોપી ચાલશે નહીં.)

**ONLINE**

વિશેષ નોંધ : આ અરજીપત્ર આપ તા.૧૦-૦૯-૨૦૨૬ને ગુરુવાર અને તા.૧૧-૦૯-૨૦૨૬ને શુક્રવાર દરમિયાન 'ONLINE' www.bhulkavihar.com પર ભરી શકશો.

**Nursery (English Medium)**

**OFFLINE**

Application forms for the Nursery Class will be available on 10-09-2026 i.e. Thursday and 11-09-2026 i.e. Friday between 8.00 a.m. to 10.00 a.m.
**Age :** Child's birth should be between 02-06-2023 to 01-06-2024. (The child should be 3 years to 4 years on 02-06-2027.)
- Kindly bring the 'Original Birth Certificate' of your child along with you.
- Affidavit or Photo copy will not be accepted.

**ONLINE**

**Please Note :** Application forms can be filled 'ONLINE' on **www.bhulkavihar.com** on 10-09-2026 i.e. Thursday and 11-09-2026 i.e. Friday.

**Dr. Mita Vakil**
*Principal*


આધારે પોલીસે બે પંચોને સાથે રાખી